वर्ष : २०    सने : २०२२    सं.२०७८
अंक : १,   સળંગ અંક-૧૨૨   श्रावण-अगस्त

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૨ સં.૨૦૭૮

અંક : ૧ શ્રાવણ-ઓગષ્ટ સળંગ અંક-૧૨૨

: લેખક - પ્રેરક :

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

: માનદ સંપાદક :

અને

: પત્ર વ્યવહાર :

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978

: લવાજમ :

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ આત્માના દુશ્મનોની ઓળખ-૪

★ અહો નવકાર !!!

★ મુનિજીવન અને ભાવના

★ અનુમોદનામૃતમ્


## આર્ષવાણી

**अग्निर्विप्रो यमो राजा,**

**समुद्र उदरं स्त्रियः ।**

**अतृप्ता नैव तृप्यन्ति,**

**याचन्ते च दिने दिने ।।**

આગ, બ્રાહ્મણ, યમરાજ, રાજા, સમુદ્ર, પેટ અને સ્ત્રીઓ આ બધાં હંમેશા અતૃપ્ત જ હોય છે, ક્યારેય ધરાતાં નથી, અલબત, રોજ-રોજ માંગ્યા જ કરે છે !

જેનું હૃદય દયાળું હોય, જેનું વચન સત્યથી શોભતું હોય અને જેનો દેહ પરહિતમાં તત્પર હોય તેનું કલિકાલ પણ કાંઈ બગાડી શકતો નથી.



## ★ આત્માના દુશ્મનોની ઓળખ-૪ ★★★

-પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

આ લેખમાળાના ત્રણ લેખાંક થઈ ગયા. કેટલા અંકે આ લેખમાળા પૂરી થશે, એ કહેવું હાલ તો મુશ્કેલ લાગે છે. કારણ, ધારણા કરતાં વધારે લખાય છે. પૂજ્યપાદ ભવોદધિતારક ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક આ.ભ.શ્રીમદ્વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાની પ્રત્યક્ષ-પરોક્ષકૃપાનું જ આ પરિણામ માનું છું.

પ્રકરણની ગાથાઃ એગવિહ-દુવિહ-તિવિહા, ચઉવિવ્હા પંચ છવ્વિહા જીવા; ચેયણ-તસ-ઈયરેહિં, વેય-ગઈ-કરણ-કાએહિં. (નવત્તત્ત્વ પ્રકરણ ગાથા-૩) આ ગાથા યાદ આવતાં વિચાર આવ્યો કે - આ ગાથામાં જેમ જીવોને એક-બે-ત્રણથી લઈ છની સંખ્યામાં વહેંચીને પરિચય આપ્યો છે, તે જ રીતે આત્માના દુશ્મનોનો પરિચય પણ એકથી છની સંખ્યામાં આપી શકાય છે. એ વિચારમાંથી આ લેખમાળાનો જન્મ થયો છે.

હાલ આપણે ત્રણ-ત્રણની સંખ્યામાં દુશ્મનોની ઓળખ કરી રહ્યા છીએ. તેનો આ બીજો વિભાગ છે. ત્રણની સંખ્યાના વિકલ્પો ઘણા હોવાથી તેના અનેક વિભાગ થશે, એવું લાગે છે.

એમાંય પ્રથમ વિભાગમાં, પ્રથમ વિકલ્પના પ્રથમ દુશ્મનરૂપે મિથ્યાત્વનો પરિચય જોઈ રહ્યા છીએ. આ મિથ્યાત્વનો વિચાર કરીએ તો એનો વ્યાપ-વિસ્તાર ચૌદે રાજ લોકમાં છે. એનો પ્રચાર-પ્રસાર સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે. જગતવ્યાપી આ દુશ્મને તમામ જાતિ-બધી જ યોનિમાં પોતાનો પગદંડો જમાવ્યો છે. દેવલોક હોય કે મહાવિદેહ ક્ષેત્ર હોય... ક્યાંય તેની ગેરહાજરી નથી ! ક્ષાયિક સમકિતને છોડી દઈએ તો ઉપશમ કે ક્ષયોપશમ સમકિતને પણ માત આપવાનું સામર્થ્ય આ મિથ્યાત્વ પાસે છે ! અર્થાત્ ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનનેય તે મિથ્યાત્વ મારી ભગાડે છે. માનવના એક ભવમાં ૨૦૦૦ થી ૯૦૦૦ વાર ક્ષાયોપશમિક સમકિતને આ મિથ્યાત્વનામનો દુશ્મન હરાવે - ભગાડે છે. આ દુશ્મન કેટલો પાવરફૂલ ગણાય ? તેનામાં કેવું સમાર્થ્ય હશે ? સમકિતની હાજરીમાંય તે આત્મભૂમિમાં પ્રવેશ મેળવી શકે છે ને આત્મગુણને ભગાડી પોતાની હકુમત સ્થાપિત કરી શકે છે ! મતલબ, ઘરની વ્યક્તિને ધકેલીને બહારની વ્યક્તિ રાજ કરે છે. પોતાના ઘરના લોકોની જગ્યાએ પારકા - અજાણ્યા લોકોને (તત્ત્વોને) તે તે ખાતાંઓ સોંપવામાં આવે તો શું થાય ? એવો જ ઘાટ અહીં થતો જોવા મળે છે. માટે આવા

**દુશ્મનો પોતાના ઘરમાં પ્રવેશ ન કરી શકે કે સત્તાનાં સ્થાને ન બેસી જાય તેની સાવધાની રાખવાની છે.** જો એ પારકો ઘરમાં પ્રવેશી સત્તા હાથમાં લઈ લે તો દુશ્મનના હાથમાં રાજ્ય આવ્યું સમજી લો. શત્રુના રાજ્યમાં આપણી હાલત શું થાય એ સમજાવવાની જરૂર નથી. માલિકની સ્થિતિ ગુલામ જેવી થઈ જાય. ગુલામનું શું ચાલે ? ગુલામી પણ એક મોટી યાતના-પીડા છે.

મગધસમ્રાટ શ્રેણિકને જ્યારે પોતાના જ પુત્ર કોણિકે જેલને હવાલે કર્યા. ત્યારે સમ્રાટની હાલત કેવી થઈ હશે ? અલબત્ત, એ તો પુત્ર હતો. અહીં તો દુશ્મન છે. વળી રોજ ૧૦૦ સાટકાની સજા જુદી. આવી સજા સમયે શારીરિક - માનસિક વ્યથા વિચારો. ત્યાં તો માની લો કે - બાપ તરીકે હોવાથી થોડી ઘણી અનુકૂળતાય મળતી હશે. ખાવા-પીવાની વ્યવસ્થા થતી હશે... અહીં તો કોઈ લોહીનો, સમાજનો, જ્ઞાતિનો, વ્યવહાર-વ્યાપારનો સંબંધ નથી... એની જગ્યાએ દુશ્મનાવટ છે. શત્રુતાનો સંબંધ છે. સ્થિતિ કેવી બદતર થાય ? દુશ્મન વળી ક્યારેય કોઈપણ પ્રકારની સગવડ ન જ આપે ને ? સગવડની વાત તો દૂર રહી ... રોજ નિયમિત દંડ જ મળે. વેદનાનો વરસાદ જ વરસાવે. હા, જેમ જેમ જીવ (શત્રુ) દુઃખી થાય તેમ તેમ એ મિથ્યાત્વ વગેરે દુશ્મનને આનંદ-મજા આવે.. એ ખુશ થઈને નાચવા માંડે છે...! દુશ્મનને મેં હરાવ્યો, મારી જીત થઈ એમ માની 'વિજયોત્સવ' મનાવે છે. વિજયનો શંખનાદ ફૂંકે છે. સમર્થ પહેલવાનને હરાવે તેનો આનંદ કેવો હોય ? રંક જ્યારે રાજા ઉપર વિજય મેળવે ને રાજ્ય ચલાવે ત્યારે એકપક્ષે કેવી ખુશી હોય, તો બીજા પક્ષે કેવી ગમવાળી સ્થિતિ હોય.. તે વિચારો. રંકને આનંદ-ખુશીનો પાર ન હોય.. રાજા હારવાના કારણે ગમનો-ઉદ્વેગનો ભોગ બનવાથી કાપો તો લોહી ન નીકળે તેવા તેના હાલ થાય છે ! મોંઢું શ્યામ થઈ જાય છે. ચહેરા ઉપરનું નૂર હણાઈ જાય છે ને માલિક નિસ્તેજ બની જાય છે.

**મિત્યાત્વની હાજરી હોય ત્યાં સુધી જીવ પોતાના આત્માનું હિત વિચારી શકતો નથી. માત્ર પુદ્‌ગલપરસ્ત-ભૌતિકપદાર્થોના લક્ષ્યવાળો જ બની રહે છે.** તેના મનના ખૂણામાંય આત્મગુણોનો વિચાર કે ચિંતા હોતાં નથી. જીવન યાત્રામાં ક્યાંય ધર્મને પ્રાધાન્ય અપાતું નથી. અપ્રશસ્ત કષાયોમાં જ રચ્યો - પચ્યો હોય છે. આ અપ્રશસ્ત કષાયો અને કષાયોને પ્રોત્સાહન આપનારા નોકષાયો ભવયાત્રા - સંસાર પરિભ્રમણમાં વધારો કરાવે છે. ભવયાત્રા એટલે જન્મ-મરણની પરંપરા... આ



પરંપરામાં દુઃખના ડુંગરો ન હોય તો જ આશ્ચર્ય ગણાય. જન્મ-મરણ પોતે જ દુઃખદાયી છે. ઉપરાંત જન્મ-મરણ વચ્ચેની જીવનરૂપી ખાઈ પણ ક્લેશ-સંક્લેશ અને પીડાઓથી ભરેલી હોય છે. પર્વતોની વચ્ચેની ખાઈ ગીચ ઝાડી અને ઊંડા ઊંડા ખાડાઓથી ભરેલી હોય છે. આધિ-વ્યાધિ-ઉપાધિ, શારીરિક-માનસિક-કૌટુંબિક-વ્યાવહારિક - આર્થિક - સામાજિક આદિ અનેકાનેક વ્યાધિઓથી આ જીવનરૂપી ખાઈ ભરેલી છે. આના ઉપરથી એ વિચારવાનું છે કે, એક મિથ્યાત્વ નામનો શત્રુ કેટ-કેટલી પીડાઓનું દાન (?) કરે છે ! આવા તો એક નહીં, છ-છ દુશ્મનો જ્યારે જીવને ઘેરો ઘાલીને બેઠા હોય ત્યારે જીવની હાલત કેવી થાય ?

આવા સમયે ન પૈસો તમને બચાવી શકે, ન પરિવાર ઉગારી શકે, ન તમારું શારીરિક - કે બૌદ્ધિકબળ કામ આવી શકે. ન લાંચ-રુશ્વત આપવાથી તમે બચી શકો કે ન રાજા કે રાજકારણી તમને સહાય કરી શકે. માટે જ આવા એકથી છની સંખ્યામાં રહેલા કોઈપણ દુશ્મનો હોય, તેને સારી રીતે ઓળખીને તેનાથી બચવાનો પ્રયત્ન કરવાનો છે. વીતરાગનાં વચનો, જિનાગમો-શાસ્ત્રો જ આવી ઓળખ કરાવી બચવાના ઉપાયો દર્શાવી શકે છે.

મિથ્યાત્વનો પરિચય આપણાં શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન રીતે મળે છે. તેના આધારે થોડો વિચાર કરી લઈએ.

**મિથ્યાત્વ સૌથી મોટો રોગ છે. મિથ્યાત્વ ગાઢ અંધકાર છે. મિથ્યાત્વ માથાવાઢ દુશ્મન છે. મિથ્યાત્વ હળાહળ ઝેર છે.** આનો અર્થ એ થયો કે મિથ્યાત્વ કેન્સર - એઈડ્સ - ટી.બી. વગેરે મહારોગોને પણ સારા કહેવડાવે તેવો રોગ છે. અલબત્ત, કેન્સર આદિ રોગો તો જીવને એક જ વાર, મૃત્યુના મુખમાં ધકેલે છે. જ્યારે મિથ્યાત્વ તો કંઈ-કેટલાય જન્મો સુધી મોતનાં મુખમાં રિબાવીને ધકેલે છે. હજારો - લાખો - કરોડો જન્મો સુધી એનો અંજામ ભોગવવો પડે છે. નરકમાં રહેલા અંધકારનેય ટપી જાય તેવો અંધકાર મિથ્યાત્વનો છે. નરકના અંધકારમાં તો જીવને વધારેમાં વધારે ૩૩ સાગરોપમનો કાળ જ પસાર કરવાનો હોય છે. અમાસનો અંધકાર એક જ દિવસ સહન કરવાનો હોય છે... જ્યારે મિથ્યાત્વનો અંધકાર તો અનંતકાળ પણ સહેવો પડે છે.

દુનિયામાં ઊભા થનારા દુશ્મનો તો એક જ ભવ પીડાદાયક કે મૃત્યુ દાયક બને છે. મિથ્યાત્વ નામનો દુશ્મન તો અનંતકાળ સુધી પણ દર્દનાક પીડા આપનાર બની શકે છે. **માનવભવનો હિસાબ શત્રુની દૃષ્ટિએ ગણીએ તો દિવસો, મહિનાઓ**

કે વર્ષોનો હોય છે. મિથ્યાત્વ નામના શત્રુની વિચારણા કરીએ તો ભવોનો (સેંકડો - હજારો - લાખો - સંખ્ય - અસંખ્ય કે અનંત ભવોનો) **હિસાબ હોય છે.** બંને વચ્ચેનું અંતર (અથવા ખાઈ) ખૂબ મોટું છે.

સોમલ-વચ્છનાગ-સાપ-વિંછી-દેડકાદિનાં ઝેર તો એક જ વાર મોતની પીડા આપે છે. (ક્યારેક ગારુડી - વૈદ્યાદિના ઉપચારથી ઝેરથી બચી પણ શકાય છે.) પરંતુ મિથ્યાત્વ નામના ઝેરની અસર તાલપુટ ઝેર કરતાં પણ ખતરનાક હોય છે. સાપ-દેડકાદિનાં ઝેર તો અલ્પમાત્રામાં અને અલ્પકાળ રિબાવે છે, યાતના આપે છે, પરંતુ મિથ્યાત્વ તો દીર્ઘકાળ સુધી અને મોટી માત્રામાં દુઃખની ઝડીઓ વરસાવે છે !

**પરમાત્માની તમામ વાતો જીવ સ્વીકારે પરંતુ માત્ર એક જ વાત કે શાસ્ત્રની એક જ પંક્તિ (વાક્ય-શબ્દ) ન સ્વીકારે તોય તે જીવ મિથ્યાત્વી જ ગણાય.** અભવ્યના જીવો અનાદિ - અનંત મિથ્યાત્વની સ્થિતિવાળા ગણાય છે. તેમને ક્યારેક નવતત્ત્વમાંથી આઠ તત્ત્વની શ્રદ્ધા થઈ શકે છે પરંતુ મોક્ષતત્ત્વ તેના માથામાં ઊતરતું નથી.મોક્ષની શ્રદ્ધા થતી નથી ! આય મિથ્યાત્વનો જ પ્રભાવ ગણાય છે.

ક્રોધાદિ ચાર કષાયો તથા હાસ્યાદિ નવ નોકષાયો કરતાં વધારે નુકશાનદેહ મિથ્યાત્વ ગણાય છે. માટે મિથ્યાત્વની ચિકિત્સા તત્કાલ કરવા જેવી હોય છે. **અઢાર પાપસ્થાનકોમાં સૌથી છેલ્લું અને શિરમોર પાપ મિથ્યાત્વ ગણાવ્યું છે.** અભ્યંતર ૧૪ પ્રકારના પરિગ્રહમાં (હાસ્યાદિ નવ નોકષાય, ક્રોધાદિ ચાર કષાયો અને મિથ્યાત્વ) પણ ૧૪ મા નંબરે મિથ્યાત્વને ગણાવ્યું છે. ક્રોધાદિ ૧૩ ને જીતવા અપેક્ષાએ સહેલાં છે પરંતુ મિથ્યાત્વને જીતવાનું કામ ખૂબ દુષ્કર છે. ક્રોધાદિનાં ખરાબ પરિણામોની જાણકારી તરત મળી જાય છે. **મિથ્યાત્વની જાણકારી મેળવતાં, તેની મારકતા પિછાણતાં ભવોના ભવો વીતી જાય છે.**

**ક્રોધાદિ કષાયો કે હાસ્યાદિ નોકષાયો અપેક્ષાએ ગણીએ તો ધર્મમહેલમાં પ્રવેશવામાં બાધક નથી બનતા... જ્યારે મિથ્યાત્વ તો ધર્મ મહેલમાં પ્રવેશતાં જ અટકાવે છે.** જ્યાં પ્રવેશ જ ન મળે ત્યાં આગળનો વિકાસ કે ઉન્નતિ ક્યાંથી શક્ય બને ? કષાયો-નોકષાયો ધર્મને દૂષિત જરૂર બનાવે છે, પરંતુ એકાંતે ધર્મનિરપેક્ષ નથી બનાવતા. બાકી જેટલા પણ દોષો છે તે તમામની સારવાર-ચિકિત્સા તત્કાળ જ થવી જોઈએ. પરંતુ જેમ કેટલાક રોગોની ચિકિત્સા થોડી વિલંબથી થાય તો ઝાઝું નુકશાન નથી પરંતુ હાર્ટ-એટેક જેવી બિમારીની સારવાર તત્કાળ (ઇમરજન્સીમાં) થવી જોઈએ. તે જ રીતે અહીં સમજવાનું છે.

**(ક્રમશઃ)** ધ



## ★ અહો નવકાર !!! ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

(ગતાંકથી) પ્રતિવ્રતા, શ્રાવિકા, ધર્મપત્ની અને મહાસતી ગણાતી સુદર્શનની પત્ની પોતાના જ ઘરના એક પવિત્ર ભાગમાં કાયોત્સર્ગ ધ્યાને ઊભી રહી ગઈ ! શાસન દેવતાનું સ્મરણ કરવા લાગી. પોતાના નિર્દોષ પતિ પર આવેલા કલંક અને સંકટ દૂર ન થાય ત્યાં સુધી અનશન (ચારે આહારનો ત્યાગ અને કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેવું) કર્યું છે.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે - તપના બાર પ્રકાર છે. તેમાં કાઉસ્સગ્ગનો અગિયારમો (ક્યાંક બારમો) નંબર છે. ધ્યાન બધાને માટે સંભવિત નથી. તેને માટે ઘણા લાંબા સમયનો અભ્યાસ જોઈએ. તે જ રીતે યોગના આઠ અંગોમાં ધ્યાનને સાતમો નંબર આપ્યો છે. તે પછી સમાધિ આઠમા નંબરે આવે છે. વળી, એ સાતમા પગથિયે પહોંચતાં પહેલાં છ સોપાન ચઢવાં પડે છે. એ છ સોપાન ચઢવાનું કાર્ય પણ એટલું સરળ તો નથી જ.

અપેક્ષાએ ગણીએ તો કાઉસ્સગ્ગ થોડો સરળ છે. રોજ પ્રતિક્રમણાદિ કરતા હોય તેને કાયોત્સર્ગનો અભ્યાસ પણ હોય છે. હા, લાંબા સમય માટે જ્યારે કાઉસ્સગ્ગ કરવાનો હોય ત્યારે શરીરની આળ-પંપાળ છોડી, ધીરતાનું બળ અજમાવવું પડે છે. શરીરમાં આવેલી ખણજથી લઈ માખી-ડાંસ-મચ્છરના ઉપદ્રવોને મનની મક્કમતા સાથે સહેવા પડે છે. કાયાનો રાગ આમાં બાધક બને છે. કાયોત્સર્ગના ૧૯ દોષ ટાળવા સાથે આરાધના કરવી પડે છે. અલબત્ત, કાયોત્સર્ગ પણ એક પ્રકારનું ધ્યાન જ છે. આગળ વધીને એમ પણ કહી શકાય કે - **જૈનશાસનની તમામે તમામ ક્રિયાઓમાં ધ્યાનનો સમાવેશ છે જ.** દરેકમાં એકાગ્રતા પૂર્વકના ચિંતનને સ્થાન છે. કોઈપણ પદાર્થના **એકાગ્ર ચિંતનને ધ્યાન કહેવાય છે.** ભલે, એ ધ્યાનના શુભ અને અશુભ બે ભેદ પડતા હોય.

મનોરમા કાઉસ્સગ્ગમાં શુભધ્યાનની ધારામાં છે. શાસનદેવતાનું સ્મરણ કરે છે. નિયમની દૃઢતા અને શુભધ્યાનના પ્રભાવે શાસનદેવતા હાજર થઈ ગઈ ! મનોરમા સતી છે. સંકલ્પનું બળ છે. બીજી તરફ સુદર્શન શેઠના શીલનો પણ એક ગજબ પ્રભાવ છે. તેના જ કારણે શાસનદેવી ઉપસ્થિત થઈ. આકાશમાં રહી કહેવા લાગી કે - હે મનોરમા ! તારા સંકલ્પબળ અને ધ્યાનના પ્રભાવે પ્રસન્ન થઈ છું. તારે લેશમાત્ર વિષાદ ન કરવો. તારા સ્વામીનાથની પવિત્રતા પ્રગટ થશે. ઊણી આંચ આવવાની નથી. જિનશાસનના જય જયકાર સાથે તારા માટે સુખના સૂર્યનો

પુનઃ ઉદય થશે. 'રામ રાખે તેને કોણ ચાખે?' કહેવત ખોટી તો નથી જ. છેવટે ધર્મ જ બચાવે છે. સત્ય આખરે બહાર આવે જ છે. તો બીજા પક્ષે 'પાપ પીપળે ચઢીને પોકારે છે.'

આગને રૂથી લપેટવાનો - ઢાંકવાનો ગમે તેટલો પ્રયત્ન કરો તે ન જ ઢંકાય, તેમ પોતાના દોષ અને પાપને છુપાવાના લાખ પ્રયત્નો કરો, ગમે તેટલા દંભ અને માયાના શરણે જાઓ... તે ઢંકાતાં નથી. **માનવરૂપ દુશ્મન કરતાં પાપરૂપ દુશ્મન અનેક ગણો બળવાન હોય છે. તેને પણ નાથનારો કોઈ હોય તો તે માત્ર ને માત્ર જગતમાં ધર્મ જ છે. ! ધર્મસત્તા છે.** દુનિયાની કોઈપણ સત્તા તેને પરાસ્ત કરી શકતી નથી. પડકારી શકતી નથી. જરૂર છે પાપભીરુતાની અને ધર્મ-શ્રદ્ધાની. પાપી કે પાપના ડર વગરનાને ધર્મ સહાય ન જ કરે, તે સ્વાભાવિક છે.

દશવૈકાલિક સૂત્ર (આગમ) ના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં જ જણાવ્યું છે કે - 'દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો.' મતલબ, જેનું મન હંમેશા ધર્મમાં જોડાયેલું હોય, તેને દેવો પણ નમસ્કાર કરે છે. માત્ર નમસ્કાર જ નહીં, તમામ પ્રકારની સહાય પણ કરે છે. વિપત્તિમાં આવેલાની વિપત્તિ દૂર કરે છે.

બીજી બાજુ સુદર્શનની વિટંબણા - યાત્રા નગરનાં વિવિધ સ્થાનો પસાર કરી જોત-જોતામાં શૂળીના સ્થાને આવી પહોંચી. જનતાને ચિંતા થાય છે, સુદર્શનનું શું થશે ?આંખ સામે મોત દેખાવા છતાં સુદર્શન તો નિશ્ચિત છે ! તેને પોતાના શીલધર્મ અને નવકારમંત્ર ઉપર અટલ શ્રદ્ધા છે. મોતનો ડર તેના હૃદયને હચમચાવી શકતો નથી! **સામે ચાલીને મોતને ભેટવા જેમ ધર્માત્મા તૈયાર હોતો નથી, તેમ મોત આવી જાય તો ડરથી ભાગતો પણ નથી !** ટૂંકમાં કહીએ તો દુઃખ આવે તો મોતની આકાંક્ષા નથી અને સુખ આવે તો વધુ જીવવાની ઈચ્છા પણ ધર્મી જીવને હોતી નથી. પાક્ષિક અતિચારમાં જણાવ્યું છે ને કે - 'સુખ આવ્યે જીવિતવ્ય વાંચ્છ્યું, દુઃખ આવ્યે મરણ વાંચ્છ્યું .' આવી ઈચ્છા તે અતિચાર - દોષરૂપ છે. તેથી આવા અતિચાર (આત્માને ડાઘ લગાડનાર) થી ધર્મ સમજેલો આત્મા દૂર રહે છે.

મોતના ડરથી સુદર્શન ધ્રુજતો નથી. તેના મોંઢા પરની રેખાય બદલાઈ નથી ! તેની ગંભીરતા કે પ્રસન્નતા નંદવાઈ નથી ! દિલમાં રહેલી ધર્મપ્રત્યેની શ્રદ્ધાને ઊણી આંચ આવી નથી. સમ્યક્ત્વ **(શ્રદ્ધા) ને ધારણ કરનારો જીવ સાપ કે મોતથી નહીં, પાપથી સતત ડરતો હોય છે,** દૂર રહેવાનો પ્રયત્ન કરતો હોય છે. તેનો પુરુષાર્થ મૃત્યુથી બચવાનો નહીં, મૃત્યુને સુધારવાનો હોય છે. અજન્મા બનવાનો હોય છે.

એ કારણે જ શ્રીખંધકસૂરિજી મ.ના ૫૦૦ શિષ્યો ઘાણીમાં પિલાતાં પિલાતાંય કેવલજ્ઞાનને મોક્ષ પામ્યા !



સુદર્શનની આ મહાકદર્થના પાછળ સ્પષ્ટરૂપે અભયારાણી જવાબદાર હોવા છતાં તેના પ્રત્યે પણ મનના ખૂણામાં દુર્ભાવ નથી ! **સારા કાર્યમાં નિમિત્તને આગળ કરનારો સુદર્શન પાપના ઉદય સમયે ઉપાદાનકારણ (પોતાના આત્માએ કરેલાં દુષ્કૃતો) ને પ્રાધાન્ય આપે છે.** આવો જીવ ક્યારેય કોઈને દુશ્મન માનતો નથી. કોઈના પર દ્વેષ ધારણ કરતો નથી.

આગમમાં જણાવેલી **'અપ્પા તુમમેવ તુમં મિત્ત, અપ્પા તુમમેવ તુમં સત્તૂ'** વાતને આગળ કરે છે. મતલબ એ છે કે - હે આત્મન્ ! તું જ તારો મિત્ર છે ને તું જ તારો દુશ્મન છે. શુભકાર્ય કરનારો પોતાનો આત્મા મિત્રરૂપ છે અને અશુભકાર્ય કરનારો આત્મા પોતાનો શત્રુ છે. સામાન્યથી માનવનો સ્વભાવ એવો છે કે - સારું થાય ત્યારે યશ પોતે લે છે. પોતાની હોશિયારી ગણે છે. અને ખરાબ થાય (દુઃખ આવે) ત્યારે દોષનો ટોપલો બીજા પર ઠાલવી દે છે. આમ કરવાથી દુશ્મનોની સંખ્યા વધતી જાય છે. આવા દુશ્મનોનાં કારણે કેટલાય જન્મો સુધી દુશ્મની ચાલે છે.

શીલના પ્રભાવે તો જીવો અને જડપદાર્થોમાંય પરિવર્તન આવે છે. શાસ્ત્રકારો ફરમાવે છે કે -

**तोयत्यग्निरपि स्रगत्यहिरपि व्याघ्रोऽपि सारंगति,**

**व्यालोप्यश्वति पर्वतोप्युपलति क्ष्वेडोऽपि पीयूषति ।**

**विघ्नोप्युत्सवति प्रियत्यरिरपि क्रीडातडागत्यपां,**

**नाथोऽपि स्वगृहत्यटव्यपि नृणां शीलप्रभावाद् ध्रुवम् ।।**

**ભાવાર્થ :** શીલના પ્રભાવે માનવોને અગ્નિ પણ જલ સમાન થઈ જાય છે. એટલે કે આગ પણ તેને બાળી શકતી નથી, પાણી બની જાય છે. સાપ હોય તો તે ફૂલની માલા બની જાય છે. વિફરેલી વાઘણ હોય તો તે હરણ જેવી શાંત થઈ જાય છે, નિરુપદ્રવી થઈ જાય છે. મદોન્મત્ત હાથી હોય તો ય તે અશ્વ-ઘોડા જેવો ગરીબ થઈ જાય છે. મોટો તોતિંગ પર્વત હોય તોય તે પણ સામાન્ય પત્થર જેવો બની જાય છે. શીલના પ્રભાવે ઝેર પણ અમૃતરૂપે પરિણમે છે. ગમે તેવું વિઘ્ન આવે તે ઉત્સવરૂપ થઈ જાય છે. ગમે તેવી દુશ્મનાવટ રાખનારો શત્રુ હોય તે પ્રિયજન સ્વરૂપ બની જાય છે. મહાસમુદ્ર પણ ક્રીડા કરવાના સરોવર જેવો થઈ જાય છે. ઘોર જંગલ પણ પોતાના ઘર સમાન નિર્ભય સ્થાન બની જાય છે.

આનો ગર્ભિત આશય એ છે કે - અકલ્પ્ય પરિવર્તન લાવવાની તાકાત શીલધર્મમાં છે. શીલધર્મના પ્રભાવે ન ધારેલાં, દુષ્કર લાગતાં કાર્યો પણ સુલભ અને

સાધ્ય બની જાય છે. શીલધર્મના પ્રભાવે આપત્તિ પણ સંપત્તિ બની જાય છે. સુદર્શન શેઠ અને મનોરમાના જીવનમાં નજર નાંખીએ તો જાણવા મળે છે કે - બંનેએ શીલની સાથે તપધર્મનું પણ શરણું સ્વીકાર્યું છે. બંને શીલવ્રતનાં ધારક તો હતાં જ... એમાં વળી કાઉસ્સગ્ગ નામના તપને ભેગો ભેળવ્યો. બે પ્રકારના ધર્મ ભેગા ભળવાથી તાકાત વિશેષ વધી ગઈ ! **શીલધર્મ અને તપધર્મ અલગ-અલગ એકલા હોય તોય આપત્તિને દૂર કરવાનું સામર્થ્ય ધરાવે છે પરંતુ જ્યારે બન્નેનું સામર્થ્ય ભેગું થાય ત્યારે અણધાર્યું પરિણામ સર્જાય છે.** મનોરમાને તો શાસનદેવીએ આવી નિશ્ચિત બનાવી દીધી છે. તેમ છતાં પોતાની પ્રતિજ્ઞા (સંકલ્પ) પ્રમાણે તે કાઉસ્સગ્ગમાં જ રહી છે. આ કાયોત્સર્ગના પ્રભાવે જ શાસનદેવી ક્ષણવારમાં હાજર થઈ ગઈ. તપના એક-એક પ્રકારમાંય અદ્ભુત સામર્થ્ય છે.

રાજર્ષિ બનેલા ભર્તુહરિ પણ શીલના સંબંધમાં જણાવે છે કે -

**ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो,**

**ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः ।**

**अक्रोधस्तपसः क्षमा प्रभवितुर्धर्मस्य निर्व्याजता,**

**सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम् ।।**

**ભાવાર્થ :** ઐશ્વર્ય (સંપત્તિ - ઠકુરાઈ - વૈભવ) નું ભૂષણ સૌજન્ય છે. શૌર્ય (શૂરવીરતા) નું આભૂષણ (શોભા) વચન-નિગ્રહ (વાણીનો સંયમ) છે. જ્ઞાનનું ભૂષણ છે ઉપશમ, ઉપશમનો અર્થ છેઃ ક્રોધાદિ કષાયોની ઉપશાંતિ. (જ્ઞાની ક્રોધ કરે તો તેના ભણતરની શું કિંમત ?) શ્રુતનું આભૂષણ છે વિનય. શાસ્ત્રોનો બોધ જેમ જેમ વધે તેમ તેમ વિનય (નમ્રતા) આવવો જોઈએ. ધનનું ભૂષણ (શોભા) સત્પાત્રમાં તેનો સદ્વ્યય ગણાય છે. ધનની સફળતા દાનમાં ગણાવી છે. તપની શોભા છે સમતા. સમર્થ - બળવાન વ્યક્તિની શોભા ક્ષમા ગણાય છે. ધર્મની શોભા નિષ્કપટભાવ ગણાય છે. સર્વનું મુખ્ય કારણ અને પરમ-શ્રેષ્ઠ આભૂષણ ગણો તો શીલ જ છે.

**શીલ નામનું આભૂષણ કોઈ ધન-વૈભવથી ખરીદી શકાતું નથી. તે માટે જરૂરી છે ઈન્દ્રિયો અને મન ઉપર સંપૂર્ણ સંયમ.** ઇન્દ્રિયો અને મન જેનાં પોતાનાં કહ્યામાં હોય તે જ આત્મા શીલનું આભૂષણ ધારણ કરી શકે છે. અભયાએ જાત-જાતનાં અડપલાં કર્યાં, શરીરના વિવિધ ભાગોનો સ્પર્શ કર્યો. પોતાના શરીરના એવા અવયવોનો સુદર્શનના હાથથી સ્પર્શ કરાવ્યો તો પણ સુદર્શનની કોઈપણ ઇન્દ્રિયો



ઉપર કે મન ઉપર તેની કોઈ અસર ન થઈ ! બાકી અભયા જેવી ચાલાક અને ચબરાક ગણાતી સ્ત્રી હારે ? પોતાની આવડત, હોંશિયારી, ચાલાકી વગેરે ઉપર કેટલો વિશ્વાસ હશે ત્યારે તેણે આવી પ્રતિજ્ઞા કપિલાની સામે કરી હોય ? મહાત્મા સુદર્શનની સામે તમામ પાસાં નિષ્ફળ ગયાં. કોઈપણ રીતે સફળતા ન જ મળી. **બુદ્ધિ અને ગુણની લડાઈ થાય તો ચોક્કસ કહી શકાય કે ગુણ જ જીતે. ગુણની સામે બુદ્ધિને હાર સ્વીકારવાનો જ વારો આવે છે. બુદ્ધિ કરતાં ગુણની તાકાત વધારે છે. ગુણવાન વ્યક્તિને ગુણનું અભિમાન હોતું નથી, પરંતુ બુદ્ધિશાળીને પોતાની બુદ્ધિનો ફાંકો જરૂર હોય છે.** રાવણ જેવા બળવાન અને બુદ્ધિશાળી ગણાતા પ્રતિવાસુદેવને લક્ષ્મણ સામે હાર ખાવી પડી ! **દુનિયાની ભૌતિક તમામ તાકાત ભેગી થઈનેય આધ્યાત્મિક શક્તિને હરાવી શકતી નથી !** આ વાત સુદર્શન શેઠે પુરવાર કરી આપી.

દૈવી શક્તિથી ભરેલા સંગમ નામના વૈમાનિકદેવે પોતાની તમામે તમામ શક્તિઓને છ - છ મહિના કામે લગાડી દીધી ! છેલ્લે તો એક જ રાત્રિમાં મરણતોલ ૨૦-૨૦ ઉપસર્ગોના રૂપમાં શક્તિઓનો પરચો બતાવી દીધો. છતાં પ્રભુ મહાવીરદેવની આધ્યાત્મિકશક્તિ સામે હરી ગયો. ઘુંટણિયા ટેકવી દીધાં ! **દુનિયાની સૌથી શિરમોર ગણાતી શક્તિરૂપી કર્મસત્તાને જે માત આપી કેવલજ્ઞાન અને મુક્તિની વરમાળા પહેરાવવાનું સામર્થ્ય ધરાવે છે તે ધર્મસત્તા** (ક્ષમાદિ ગુણોના સ્વરૂપવાળી ધર્મસત્તા - આધ્યાત્મિક પાવર) **ને પડકારનાર દુનિયામાં કોઈ પાક્યો છે ?** તેને પછાડનાર કોઈ શક્તિ વિશ્વમાં વિદ્યમાન છે ?

સાત્ત્વિક મહાપુરુષોનાં જીવનમાં ડોકિયું કરતાં તરત જ નજર સામે કર્મસત્તા હારી ગયાના સેંકડો - હજારો દૃષ્ટાંતો તરવરવા લાગશે. **કર્મસત્તા** (અશુભ કર્મો) **દોષરૂપ છે. ગંદકી સ્વરૂપ છે. જ્યારે ધર્મસત્તા ગુણરૂપ અને વિશુદ્ધિરૂપ છે.** દોષો કરતાં ગુણોમાં સામર્થ્ય અધિક જ હોય એ સ્વાભાવિક છે. દુર્જનની સામે અંતે તો સજ્જનનો જ વિજય થાય ! અસત્યની સામે સત્યનો અને હિંસાની સામે અહિંસાનો જ વિજય થાય છે.

સૂળીની તદ્દન નજીક સુદર્શન શેઠને લઈ જવામાં આવ્યા. ત્યારે તે મહાપુરુષના દિલની ભાવનાય જાણવા - માણવા જેવી છે. તે સુશ્રાવક વિચારે છે કે - આ જગતમાં સુખ -દુઃખના ડુંગરો કોને ઘેરી વળ્યાં નથી? ચારે ગતિમાં નજર કરો કે માનવલોકમાં નજર કરો... દેવ-લોક પણ આમાં બાકાત નથી. દેવેન્દ્ર પણ સુખ-દુઃખના ચક્રાવામાં ફસાય છે. સામાન્ય માનવથી લઈ ભૌતિક દૃષ્ટિએ ટોચની કક્ષાએ રહેલા ચક્રવર્તી

કેમ ન હોય... બધા જ આવી વિટંબણાનો ભોગ બનેલા છે.... પરંતુ સુખ હોય કે દુઃખ... તેમાં જે પુણ્યાત્માઓનાં હૃદયમંદિરમાં શીલધર્મ અને નમસ્કાર મહામંત્રનો જાપ હંમેશા જાગ્રત - અવસ્થામાં રહે છે, તે જ મહાપુરુષોનું જીવન (માનવભવ) સફળ છે, સાર્થક છે !

મહાપુરુષો બહારની શોભા કરતાં આંતરિક (ગુણની) શોભાને વધુ મહત્ત્વ આપે છે. શાસ્ત્રની પંક્તિ આ વાતને બહાલી આપે છે.

**अद्यैव वा मरणमस्तु युगान्तरे वा ।**

**न्याय्यात्पथः प्रविचलंति पदं न धीराः ।।**

**ભાવાર્થ :** મોત ભલે આજે જ થાય કે યુગાન્તરમાં થાય.. પરંતુ ધીર - ઉત્તમ પુરુષો સન્માર્ગ - ન્યાગમાર્ગથી એક ડગલું આઘા-પાછા થતા નથી. પાછી પાની કરતા નથી.

**(ક્રમશઃ)** ધ

## ★ મુનિજીવન અને ભાવના ★★★

અનંત જ્ઞાની ભગવંતોનું કથન છે કે - હૃદયશુદ્ધિ વિના આત્મશુદ્ધિ સંભવિત નથી. આત્મશુદ્ધિ વિના - સિદ્ધિ - મુક્તિ નથી. હૃદય શુદ્ધિ માટે સૌથી મહત્ત્વનું અંગ (ઉપાય) છે, શુભ ભાવના.

આવી ભાવનાને જૈન શાસ્ત્રોમાં 'રસાયણ' ની ઉપમા આપી છે. આ રસાયણનું કામ છેઃ કાયાકલ્પ કરવાનું. આયુર્વેદમાં કાયાકલ્પ કરવા માટે વિવિધ રસાયણો (ભસ્મો) નો પ્રયોગ બતાવ્યો છે, તે જ રીતે અધ્યાત્મના ક્ષેત્રમાં આત્માનો કાયાકલ્પ કરવા માટે વિવિધ ભાવનારૂપી રસાયણના અમોઘ (સફળ) પ્રયોગો બતાવ્યા છે. **પથ્યપાલન વગેરે જરૂરી નિયમો સાથે આ ભાવના - રસાયણનું આસેવન કરવામાં આવે તો ચોક્કસ હૃદયશુદ્ધિ અને આત્મવિશુદ્ધિરૂપ પરિણામ મળે જ એવી ખાતરી (ગેરંટી) અનંત તીર્થંકરભગવંતો, ગણધરગવંતો આપે છે !**

અનાદિ કાળથી આપણું ચિત્ત દુષ્ટ ભાવનાઓથી ખરડાયેલું - મલિન છે. તેના મેલને કાઢવા શુભભાવના વગેરેનું આલંબન ખૂબ જ જરૂરી છે. આવાં આલંબનો માટે જૈન શાસનમાં અનિત્યાદિ બારભાવનાઓ, મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ સાથે પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જેવી બીમારી તેવી ભાવનારૂપી ઔષધિનો પ્રયોગ કરવાથી રોગ જાય જ, એ વાત સુનિશ્ચિત છે. રાજવૈદ્યોને પણ ટપી જાય એવા અતીન્દ્રિય જ્ઞાની ભગવંતોએ આ ઉપાયો જણાવ્યા છે. આ ઉપાયો દ્વારા અનંત આત્માઓ ભાવ-આરોગ્યને પ્રાપ્ત કરનારા બન્યા છે.



બાર ભાવનાની વાત કરીએ તો ભૌતિક ચીજો પરનો રાગ પજવતો હોય, આસક્તિ હેરાન કરતી હોય તો અનિત્ય ભાવનારૂપી રસાયણનો પ્રયોગ કરવાથી એ રાગ (રોગ) ખતમ થઈ જશે. આ રીતે જેવો રોગ તેવી દવા કરવાની વાત શાસ્ત્રકાર ભગવંતોએ કરી છે. અનિત્ય આદિ બાર ભાવના માટે પ્રથમ નંબરે **'ભવભાવના'** નામનો ગ્રંથ ખૂબ જ સુંદર પ્રકાશ પાથરે છે. લગાતાર ત્રણ-ત્રણ વરસ સુધી ઉપમિતિ ભવ-પ્રપંચા કથા ગ્રંથ પર ચિંતન-મનન-નિદિધ્યાસન કર્યા પછી મલધારી શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે આ ગ્રંથનું નિર્માણ કર્યું છે. એમાંય સંસારભાવનામાં કરેલું ચારે ગતિનું વર્ણન;સંસારના રાગને ઉખાડવા અને વૈરાગ્યને પેદા કરવા ખૂબ જ સક્ષમ છે. વૈરાગ્યના બીજનું એના દ્વારા આત્મક્ષેત્રમાં વાવેતર ન થાય તો સમજવું રહ્યું કે - હજી જીવ ભારે કર્મી છે. ભવભ્રમણ વધારે બાકી છે. બાકી લઘુકર્મીજીવ તો આ ઉપાયદ્વારા જરૂર શુદ્ધિ અને સિદ્ધિ સુધી પહોંચી જ જાય... તે પણ ખૂબ જ ટૂંકા સમયમાં.

જીવપરના દ્વેષાદિ ભાવોથી જીવને દૂષિત થતો અટકાવવો હોય તો તેના સફળ ઉપાય તરીકે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓને જીવનમાં સ્થાન આપવાનું છે. તેનાથી જીવ પરના રાગ-દ્વેષ-ઈર્ષ્યા - દુર્ગંછા વગેરે દુષ્ટભાવો નષ્ટ-શાંત થઈ જશે. મૈત્રી - પ્રમોદ-કારુણ્ય અને માધ્યસ્થ જેવી ભાવનાઓ ચિતને શાંત-પ્રશાંત-ઉપશાંત બનાવવા સાથે શુભભાવોનાં સ્પંદનો જગાડશે, 'મિત્તી મે સવ્વભૂએસુ' ની ભાવના બળવાન બનશે. મૈત્રી ભાવના સર્જન પછી દ્વેષાદિ તમામ દુર્ભાવોનો સફાયો થઈ જશે. વિશુદ્ધિના માર્ગે જીવની શીઘ્ર પ્રગતિ થશે.

જિનશાસનમાં મુખ્યત્વે શ્રાવકો માટે આ અનિત્યાદિ બાર અને મૈત્ર્યાદિ ચાર એમ સોળ ભાવનાઓને મહત્ત્વ આપ્યું છે, તેમ શ્રમણજીવનને વિશુદ્ધિના માર્ગે આગળ વધારવા માટે શ્રમણ-શ્રમણી ભગવંતોને પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓને સ્થાન આપવાની વાત પર ભાર મૂક્યો છે.

અનિત્યાદિ બાર, મૈત્ર્યાદિ ચાર ભાવનાઓને સમજવા માટે ભવભાવના ઉપરાંત પૂ.મહોપાધ્યાય વિનયવિજયજી મ.રચિત **શાંત-સુધારસ** ગ્રંથ (ગેયકાવ્ય) પણ તેટલો જ ઉપયોગી બને છે. શબ્દ લાલિત્ય સાથે કાવ્યરસની પુષ્ટિ થાય તેવો અને વૈરાગ્ય (શાંત) રસને જગાડનારો એ ગ્રંથ છે. **આ શાંતરસ જ તમામ રસોનો રાજા છે.**

બીજી રીતે વિચારીએ તો ભાવનાના સહારા વગર કોઈ જીવ કેવળજ્ઞાન કે મોક્ષ પામ્યો નથી, એમ પણ જણાવ્યું છે. આના ઉપરથી પણ નિશ્ચિત થાય છે કે -

ભાવનાને જીવનમાં ક્યાં અને કેટલું સ્થાન આપવું જોઈએ ? આ ભાવના-રસાયણનું આસેવન ક્યારેક નહીં, રોજ કરવાનું છે. અનિત્યાદિ કે મૈત્ર્યાદિ ભાવનાઓને તો જરૂર પડે ત્યારે અજમાવો તો ય ચાલે પરંતુ પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓને તો રોજ - નિત્ય - નિરંતર સ્થાન આપવાનું છે. તેથી જ સવાર - સાંજનાં પ્રતિક્રમણમાં અતિચાર ચિંતવનના કાઉસ્સગ્ગમાં **'સયણાસણન્નપાણે...'** ગાથામાં સમિઈ-ભાવણ-ગુત્તિ.. શબ્દ દ્વારા ભાવનાને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. શયન - આસન - અન્ન - પાણીથી લઈ ભાવના, ગુપ્તિ વગેરેના વિષયમાં જે કાંઈ કાર્ય ન કર્યું અથવા વિપરીત કર્યું હોય તેનું મિચ્છા મિ દુક્કડં માંગવાની વાત કરી છે.

પાંચ મહાવ્રતનો સ્વીકાર કરવાના દિવસથી લઈ તેની **શુદ્ધિ-વૃદ્ધિ માટે આ પચ્ચીસ ભાવનાઓને અભિન્ન અંગ બનાવવાનું છે.** આ ભાવનાઓ માટે યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે સંક્ષેપમાં સુંદર પ્રકાશ પાથર્યો છે. નાની-નાની આર્યા છંદમાં બનાવેલી અને સરળ સંસ્કૃતમાં રચેલી આ ગાથાઓ તમામ સાધુ-સાધ્વીજી ભગવંતોએ કંઠસ્થ કરી લેવી જોઈએ. તેના માધ્યમથી રોજ આ ભાવના ભાવવી જોઈએ. તેનાથી મહાવ્રતોનું સ્મરણ તો થશે જ... સાથે સાથે આત્મજાગૃતિ વધશે. ધ

## ★ અનુમોદનામૃતમ્ ★★★

**- સંકલન**

(ગતાંકથી...)

મસૂરમાં થયેલા ઉપધાનમાં તે સમયે ૧૬૫ આરાધકો હતા. પુરુષોની સંખ્યા ૨૪ હતી. માળવાળાની સંખ્યા ૧૧૭ હતી. સંઘવીની ઉદારતા, આરાધકોની આરાધના, ક્રિયા ચુસ્તતા, શિસ્ત, પૂ.આચાર્યભગવંતનાં વૈરાગ્ય નીતરતાં અને મોક્ષના લક્ષને જગાડતાં પ્રવચનો, ઉપધાનનગરની શોભા-સજાવટ, શ્રીસંઘના તમામ ભાગ્યશાળીઓનો ઉત્સાહ - સાથ - સહકાર વગેરેનાં કારણે આ ઉપધાન યશસ્વી બન્યાં હતાં. તે સમયે ઉપધાન કરનારા કેટલાક ભાવિકો આજે પણ વિદ્યામાન છે.

અષાઢ સુ.૧૦ તા.૯-૭-૨૦૨૨ શનિવારે પૂજ્ય આચાર્યભગવંત આદિ શ્રમણ-શ્રમણીભગવંતોનો ધૂમ-ધામથી ચાતુર્માસ પ્રવેશ થયો. બસ સ્ટેન્ડથી પ્રવેશયાત્રા શરૂ થઈ. ગામના રાજમાર્ગો પર ફરી જિનાલય - ઉપાશ્રય પરિસરમાં પહોંચી, જિનાલય જુહારી શ્રીસંઘમંગલભવનમાં સૌ પધાર્યા. ત્યાં બધા સભારૂપે ગોઠવાયા, ગુરુવંદન, મંગલાચરણાદિ થયા બાદ સંગીતકાર (કોરેગાંવવાળા) પ્રીતમભાઈએ ગુરુપ્રવેશનાં ગીતો, ગુરુભક્તિનાં ગીતોથી વાતાવરણને ભરી દીધું. ગુરુપૂજનનો ચઢાવો થયો. તેનો લાભ સંઘવી ભબુતમલજી લાલાજી નિંબજીયા



પરિવારે લીધો હતો. પૂજ્ય ગુરુદેવના માર્મિક પ્રવચનબાદ રૂ.૨૫૦ નું સંઘપૂજન થયેલ ! એમાં ૧૦૦ રૂ. ગુરુભક્તોના, ૧૦૦ રૂ. મસૂરસંઘના ભાગ્યશાળીઓના તથા રૂ.૫૦ આવેલા માહેમાનોના હતા. અંતે સંઘ સાધર્મિકવાત્સલ્ય થયેલ. કેટલાક ભાગ્યશાળીઓએ પ્રવેશના મંગલ માટે આયંબિલ કરેલ. તેમને સૌને બેંગલોર નિવાસી જીવીબેન કાળીદાસ નગરિયા પરિવાર તરફથી રૂ.૨૦૦-૨૦૦ પ્રભાવવા આપવામાં આવી હતી.

ચાતુર્માસિક ફંડમાં નીચેના ભાગ્યશાળીઓએ લક્ષ્મીને સફળ બનાવી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું.

**મુખ્ય આયોજક :-** ૧. શાંતિલાલ સોગાલાલજી રામસીના (કુંદનપુર) મસૂર ૨. કાંતિલાલ વીરચંદજી કટારિયા (વિસલપુર) મસૂર ૩. પ્રકાશચન્દ્ર સોગાલાલજી રામસીના (કુંદનપુર) મસૂર.

**સહ આયોજક :** ૧. ગેનમલજી ખેમાજી દરલેશા હ.ફૂલચંદ (થુર) મસૂર ૨. રાયચંદ ભોજરાજ ભાટે (કચ્છ) મસૂર ૩. સંઘવી ભબુતમલજી લાલાજી સંઘવી (મોહબ્બતનગર) મસૂર ૪. શા.સુરેશભાઈ નેમચંદ, મસૂર ૫. શા.રાજેન્દ્ર બાબુલાલ, મસૂર ૬. શા.બાબુલાલ વીરચંદજી કટારિયા (વિસલપુર) મસૂર ૭. હજારીમલજી ત્રિલોકચંદજી કટારિયા, મસૂર ૮. શા.ગેનમલજી ખેમાજી દરલેશા હ.માણેકચંદ (થુર) મસૂર

**રજતસ્તંભ :** ૧. શા. અમૃતલાલ મણિલાલ - મસૂર ૨. શા.હિમ્મતલાલ ચતુરલાલ હ.મહેન્દ્ર - મસૂર

**સહયોગી :** ૧ જીવીબેન કાળીદાસ નગરિયા - બેંગલોર ૨. બાલાજી પરફ્યુમરી, બી.આઈ.સી. છગનભાઈ આર.શાહ - બેંગલોર ૩. સુભાષ વીરચંદજી કટારિયા (વિસલપુર) મસૂર ૪. શા.નેમચંદ અમથાલાલ - અમદાવાદ ૫. શા.સારાભાઈ મોહનલાલ - મસૂર ૬. હીરાલાલ વીરચંદજી કટારિયા (વિસલપુર) મસૂર ૭. ફેન્સીબેન લાલચંદજી જૈન - મસૂર ૮. શા.નેમચંદ પોપટલાલ - મસૂર ૯. શા. વિનોદચંદ્ર પોપટલાલ - મસૂર ૧૦. શા. ગોવિંદજી દામજી ધરમશી - મસૂર ૧૧. શા. રમણલાલ પોપટલાલ - મસૂર ૧૨. શાહ અતુલ હિમ્મતલાલ - મસૂર ૧૩. શા. મંગુબેન સાંકળચંદ - ઈડર

ચાતુર્માસ પ્રવેશ પૂર્વે અષાઢ સુ.૭ તા.૬-૭-૨૨ બુધવારે શ્રીશક્રસ્તવના માધ્યમથી અભિષેક કરાવાયા. લાભાર્થી બન્યા હતાઃ શાંતિલાલ સોગાજી રામસીના પરિવાર.

અષાઢ સુ.૧૪ તા.૧૨-૭-૨૨ મંગળવારે (ચોમાસી ચૌદસે) પ્રવચનમાં ગ્રંથો વહોરાવાન વગેરેના ચઢાવા થયા.

શ્રાદ્ધવિધિગ્રંથ વહોરાવવાનો લાભ હિમ્મતલાલ ચતુરલાલ પરિવારે લીધો. જ્યારે રામાયણ ગ્રંથનો લાભ : શાંતિલાલ સોગાલાલજી રામસીના પરિવારે લીધો.

જ્ઞાનપૂજા ૧ લી : લાલચંદ જુહારમલજી જૈન, ૨ જી પૂજા : રાયચંદ ભોજરાજ ભાટે. ૩ જી પૂજા : શાંતિલાલ સોગાલાલજી રામસીના, ચોથી પૂજા : સોગાલાલજી લખમાજી રામસીના, પાંચમી પૂજા : રમેશભાઈ હજારીમલજી કટારિયા.

અષ્ટપ્રકારી પૂજા : શાંતિલાલજી સોગાલાલજી રામસીના

વધાવવાનો લાભ : સંઘવી ભબુતમલજી લાલાજી નિંબજીયા.

ગુરુપૂજન : શાંતિલાલ સોગાલાલજી રામસીના

બહેનોમાં રોજ બપોરે સામાયિક તથા સમરાદિત્યકથા આધારિત સાધ્વીજી મ.નાં પ્રવચનો થાય છે. ભા.સુ.૧૫ સુધીમાં ૭૨ સામાયિક અને ૪૨ પ્રતિક્રમણનું આયોજન કરવામાં આવ્યું છે.

અષાઢ સુ.૧૫ તા.૧૩-૭-૨૨ બુધવારે થયેલ ગુરુભક્તિના પ્રસંગે સંગીતકાર તરુણ મોદીએ સુંદર ભક્તિ કરાવી રંગજમાવ્યો. તે દિવસે ગુરુપૂજનનો લાભ શા.સુમતિલાલ પોપટલાલ પરિવારે લીધો હતો. ગુરુભક્તો તરફથી ૩૬ રૂ.નું સંઘપૂજન થયું.

અષાઢ વ.૨ તા.૧૫-૭-૨૨ શુક્રવારે શ્રીસંઘમાં સામૂહિક રત્નત્રયી તપ તથા મોક્ષદંડતપનો પ્રારંભ થયો. જેમાં લગભગ ૨૩ ભાગ્યશાળીઓ જોડાયા.

અષાઢ વ.૭ તા.૨૦-૭-૨૨ બુધવારથી સિદ્ધિ તપનો મંગલ પ્રારંભ થયો, જેમાં લગભગ આઠ પુણ્યાત્માઓ જોડાયા.

તપસ્વીઓમાં બિયાસણાનાં લાભાર્થીની યાદી : - શા.બાબુલાલ વીરચંદજી કટારિયા. - ગેનમલજી ખેમાજી દરલેશા. - શા.ભબુતમલજી લાલાજી નિંબજીયા. - શા. રાજેન્દ્ર બાબુલાલ. - શા. રમણલાલ ચુનીલાલ - રમેશ હજારીમલજી કટારિયા - કાંતિલાલ વીરચંદ કટારિયાના સ્મરણાર્થે સુપુત્રીઓ : શર્મિલા, શીતલ, રૂપા. - સ્વ.દયાબેન વિનોદચન્દ્રના સ્મરણાર્થે વિનોદભાઈ - પુષ્પાબેન શાંતિલાલ રામસીના. - શા. હિમ્મતલાલ ચતુરલાલ. - શા.સોગાજી લખમાજી રામસીના - શા.રાયચંદ ભોજરાજ ભાટે. - વિજયરાજજી કંવરલાલજી વૈદ્ય - ચેન્નઈ. - મહેન્દ્રભાઈ હિમ્મતલાલ શાહ - પ્રકાશભાઈ સોગાલાલજી રામસીના.

સિદ્ધિતપવાળાના બિયાસણાં વિજયરાજજી કંવરલાલજી વૈદ્ય ચેન્નઈવાળા



તરફથી કરાવાય છે.

અષાઢ વ.૧૪ ના પૂજ્યપાદ તપાગચ્છાધિરાજ, જગતના જવાહિર, મહારાષ્ટ્ર દેશોદ્ધારક આ.ભ.શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ૩૧ મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ત્રિદિવસીય જિનભક્તિ - ગુરુભક્તિનો મહોત્સવ યોજાયો હતો. અ.વ.૧૪ તા.૨૭-૭-૨૨ પ્રથમ દિવસે ગુણાનુવાદ થયા. તેમાં મુખ્યત્વે મહારાજશ્રીએ મહારાષ્ટ્રમાં કરેલા શકવર્તી કાર્યો અને અપ્રતિમ શાસનપ્રભાવનાના પ્રસંગોને વિશેષ સ્થાન આપવામાં આવ્યું હતું. અંતે ગુરુભક્તો તરફથી રૂ.૫૦ નું સંઘપૂજન કરવામાં આવ્યું હતું.

અષાઢ વદ અમાસના દિવસે પૂજ્યપાદશ્રીજીના (આચાર્યપદના) ગુણોને અનુરૂપ ૩૬ સ્તુતિના માધ્યમથી ૩૬ પૂજા રાખવામાં આવી હતી. એક-એક પરિવારને બે-બે પૂજાનો લાભ આપવામાં આવ્યો હતો.

શ્રા.સુ.૧ ના રોજ (મસૂરરત્ન, મહારાષ્ટ્રદીપક પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજાનો જન્મદિવસ) પરમાત્માની અષ્ટપ્રકારી પૂજાનું આયોજન રખાયું હતું. એક એક પૂજાનો અલગ-અલગ પરિવારે લાભ લીધો હતો. દરેકની સંવેદના પૂ. આચાર્યભગવંતે કરાવી હતી. છેલ્લા બે દિવસ સંગીતકાર આશિષભાઈ શાહ પૂનાથી પધારેલ. ગુરુભક્તિ - જિનભક્તિનો સુંદર માહોલ ઊભો થયો હતો. ૧૧૦ રૂ.નું સંઘપૂજન તથા પુષ્પાબેન કાંતિલાલ કટારિયા તરફથી ગોળના રવાની પ્રભાવના થઈ હતી.

શ્રા.સુ.૨ તા.૩૧-૭-૨૨ શનિવારે શ્રીસુમતિનાથ ભગવાનના ચ્યવન કલ્યાણકના દિવસે; 'કલ્યાણકતિથિ પણ કલ્યાણકની જેમ આરાધ્ય છે.' એ શાસ્ત્ર વચનને ધ્યાનમાં લઈ ૧૮ અભિષેકનું આયોજન કરેલ. તેમાં પણ ૧૮ પરિવારે ઉત્સાહથી લાભ લીધો હતો.

શ્રા.સુ.૫ તા.૨-૮-૨૨ મંગળવારે પૂ.કવિકુલકિરીટ આ.ભ. શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે તેઓના ગુણાનુવાદ થયા. અંતે ગુરુભક્તો તરફથી સંઘપૂજન થયું.

શ્રા.સુ.૮ તા.૫-૮-૨૨ શુક્રવારે શ્રીપાર્શ્વનાથ પ્રભુના નિર્વાણકલ્યાણકની ઉજવણીરૂપે ૧૦૮ અભિષેક કરાવાયા. તેમાં ૧૨ લાભાર્થી પરિવારને લાભ અપાયો હતો.

નાનો સંઘ હોવા છતાં રોજ લગભગ ભાઈઓ તથા બહેનો પ્રતિક્રમણમાં સારી સંખ્યામાં આવે છે. ૪૫-૩૦ ઉપવાસ વગેરે તપો પણ ચાલું છે.

(ક્રમશઃ) ધ

# તે ધન્ય - વંદનીય...

**धन्यास्ते वन्दनीयास्ते, तैस्त्रैलोक्यं पवित्रितम् ।**
**यैरेष भुवनक्लेशी, काममल्लो विनिर्जितः ।।**

તે જીવો ધન્ય છે, તે વંદનીય છે, તેઓએ ત્રણે જગતને પવિત્ર બનાવ્યું છે... જેઓએ જગતને ક્લેશ પમાડનાર, દુઃખના દાવાનળમાં નાખનાર કામ-મલ્લને હરાવીને જીત હાંસલ કરી છે.